વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના વર્ગ–૧ થી
વર્ગ–૩ ના કર્મચારી/ અધિકારીઓના ખાનગી
અહેવાલ લખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૯૮/૧૫૦૯/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– ૨૧/૪/૨૦૦૩

<u>વંચાણમાં લીધા :–</u>

(૧) આ વિભાગનો તા.૧૨–૧૧–૦૧ નો ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૯૧–૧૩૪૩–અ
(૨) આ વિભાગનો તા.૧૧–૩–૯૨નો ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૯૧–ખા.૭૫–અ
(૩) આ વિભાગનો તા.૨૯–૭–૯૯ નો ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૯૮–૧૫૦૯–અ
(૪) વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો તા.૪–૪–૨૦૦૩નો પત્ર ક્રમાંક:વિજાક/મકમ/૦૩–૦૪/૪૫૩
(૫) આ વિભાગનો તા. ૩–૩–૦૩ નો ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૯૮–૧૫૦૯–અ,
(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧–૩–૮૯ નો ઠરાવ ક્રમાંક:ખહલ–૧૧૮૯–ક.

<u>ઠ રા વ :–</u>

વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના વર્ગ–૧ અને વર્ગ–૨ના અધિકારીઓ તથા વર્ગ–૩ ના કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર અધિકારી, સમીક્ષક અધિકારી અને સેફ કસ્ટડી અધિકારી આમુખમાં દર્શાવેલ આ વિભાગના વખતોવખતના ઠરાવોથી નકકી કરવામાં આવેલ હતા. છેલ્લે આ વિભાગના તા.૩–૩–૦૩ ના ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૯૮–૧૫૦૯–અ થી નિયામકશ્રી (વિકસતી જાતિ) હસ્તકના અધિકારી/કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર, સમીક્ષા કરનાર તથા સેફ કસ્ટડી તરીકે નવેસરથી સક્ષમ અધિકારીશ્રીઓ નકકી કરવામાં આવેલ હતા. આ અંગે નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૪–૪–૦૩ ના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના અધિકારી કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર તથા સમીક્ષા કરનાર અધિકારીઓ નકકી કરવા બાબતે ફેર વિચારણા કરવાની દરખાસ્ત કરતાં તે અંગે પુનઃ વિચારણા કર્યા બાદ આ વિભાગના તા.૩–૩–૦૩ ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના અધિકારી/કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર તથા સમીક્ષા કરનાર જે અધિકારીઓ નકકી કર્યા હતા, તે હુકમો મુળ અસરથી રદ કરી આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૧ અને વર્ગ–૨ ના સર્વેઅધિકારીઓ સહિત

354



નિયામકના રહસ્ય સચિવશ્રી, સંયુકત નિયામકના અંગત મદદનીશ, તથા વિકસતી જાતિ કલ્યાણ ખાતાના વર્ગ–૩ ના સર્વે કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર સમીક્ષા કરનાર અને સેફ કસ્ટડી માટેના સક્ષમ અધિકારીઓ નકકી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
–મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર.
–મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગર.
–મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર.
–દરેક જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા)/તાલીમ અધિકારી (વિ.જા) / આચાર્ય આદર્શ નિવાસી શાળા (વિ.જા)
–સામાન્ય વહીવટ વિભાગ, ક–શાખા, સચિવાલય, ગાંધીનગર.
–વિભાગની અ–૧ સા.ન્યાય અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
–નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ./શાખા સિલેકટ ફાઈલ.